RESEARCH PAPER | Philosophy | Volume : 3 | Issue : 3 | March 2013 | ISSN - 2249-555X

# સાંખ્યદર્શન પ્રમાણે પુરૂષનો ખ્યાલ
# Sankhyadarshan Pramane Purusono Khyal

KEYWORDS

Dr. Hiren Domadiya

Janki Park, C-1, Block 8/11, Opp. Gondhiya Hospital, Kalavad Road, Rajkot.

સાંખ્યદર્શનમાં પુરૂષ બીજુ તત્ત્વ છે જેને અન્ય દર્શનોમાં આત્મા કહેવામાં આવ્યો છે. આ શરીરમાં સ્થિત રહેવાને લીધે તેને પુરૂષ કહેવામાં આવ્યો છે. સાંખ્યદર્શનમાં પુરૂષને પ્રકૃતિથી વિરુધ્ધ ચેતન, નિષ્ક્રિય અનેક કહ્યો છે.

ચૈતન્ય તેનો સ્વભાવ છે. તે પરમ આત્મત્ત્વ પારમાર્થિક જ્ઞાતા કે દેત્ય છે. જે સંપૂર્ણ જ્ઞાન અને અનુભવના અધિષ્ઠાન સ્વરૂપ છે. તે સ્વતઃ સ્ધ્ધિ અને સ્વયં પ્રકાશમાન છે. કારણ કે તેને જાણવા માટે બીજા કશાની જરૂરીયાત રહેતી નથી. તે વિશુધ્ધ રૂપથી વિષયી છે કારણ કે તે કયારેય પણ વિષય કે જ્ઞેય બનતો નથી.

આત્મામાં કોઈ ક્રિયા થતી નથી. કારણ કે તે નિષ્ક્રીય અને અવિકારી હોય છે. ક્રિયા માત્ર પ્રકૃતિ નું વિરુધ્ધ તત્ત્વ હોવાથી પુરૂષ નિષ્ક્રિય રહે છે. સંસારનો અનુભવનાર જીવને સાંખ્ય પરિભાષામાં પુરૂષ કહેવામાં આવે છે. પુરૂષ કોઈ જડપદાર્થની જેમ અનુભવનો પદાર્થ નથી. પુરૂષ શુધ્ધ ચેતન્ય સ્વરૂપ સર્વવ્યાપી છે. સાંખ્યનો પુરૂષ ચૈતન્યનું આધારરૂપ દ્રવ્ય નથી પણ સ્વયં ચૈતન્યરૂપ છે. તે સમસ્ત જ્ઞાનનો આધાર તેમજ પરમ જ્ઞાન છે. તે નિત્ય અને મુકત છે. દેશકાળથી પર છે. રાગ, દ્વેષ આદિથી પણ તે પર અને અવિકારી છે. પુરૂષ તો અવિકારી કુટસ્થ,નિષ્ક્રિય અને અસંગ છે. તે સુખ, દુઃખથી પર છે.

આમ સાંખ્ય પ્રકૃતિ ની સાથે તેનાથી વિપરીત એવા પુરૂષનો પણ સ્વીકાર કરે છે બંને સ્વતંત્ર છે. સીધી રીતે બંને કદીયે એકબીજામા મળતા નથી. એટલું જ નહીં, મોક્ષાવસ્થામાં પણ બંને અંકબંધ રહે છે. કેવળ સબંધના સમીકરણો જ બદલાય છે. પ્રકૃતિ પરિણમનશીલ છે, પુરૂષ અવિકારી કુટસ્થ છે. પ્રકૃતિ તેના વ્યકત તત્ત્વો દ્વારા સક્રિય છે. પરંતુ પરૂષ અકર્તા છે.

પુરૂષના અસ્તિત્વને સિધ્ધ કરવા અર્થાત સ્પષ્ટ સમજવા સાંખ્યાચાર્યો કેટલીક દલીલો રજૂ કરે છે.જે નીચે મુજબ છે. સાંખ્યકારીકાનો શ્લોક નં. ૧૭માં પુરૂષના અસ્તિત્વ સ્ધ્ધિ થઈ શકે જે આ પ્રમાણે

સ્રાત્તપરાર્થત્વાત્ ત્રિગુણાદિવિપર્યાદ્ ધિષ્ઠાનાત્ ।
પુરૂષોંસ્તિ ભોક્તઽૅભાવાત્ કૈવલ્યાર્થ પ્રવૃત્તેશ્ચ ॥

ઉપરોકત સાંખ્યકારીમાં દર્શાવેલ શ્લોકનું વિવરણ જોઈએ.

(૧) ઈશ્વરકૃષ્ણ સાંખ્યકારીકામાં દર્શાવે છે કે અહિં સંઘાતનો અર્થ જેમાં અનેક વિશેષોનું સમ્મિશ્રણ થયું છે તે કોઈ એક વસ્તુની રચના સમજવાનો પ્રયત્ન કરીશું તો તેમાં ઘણી વસ્તુઓનો સમાવેશ થયેલો જોવા મળશે. જેમ કે ઉદાહરણ તરીકે પેનમાં શાહી, ટાંક વગેરે અહીં પેનમાં શાહી ટાંક વગેરે અન્ય વસ્તુનો સંઘાત થયો એમ કહી શકાય. સંઘાતનો અર્થ થાય છે સમુદાય. પ્રકૃતિ અને તેના વિકારો ત્રણ ગુણોના સમુદાયરૂપ છે. જે વસ્તુ સંઘાતરૂપ હોય છે તે કોઈ બીજાને માટે અસ્તિત્વ ધરાવે છે. જેમ કે પેન, રથ,પલંગ,ઘર વગેરે સંઘાતરૂપ છે અને આ સંઘાત પોતપોતાના ઉપયોગ માટે નથી. પરંતુ અન્યના ઉપયોગ માટે છે. જેમ કે પલંગમાં શયન કરનાર, ઘરમાં રહેનાર, પેનથી શબ્દ લખનાર વગેરે તે સ્વ. અર્થ નહી પરંતુ પરાર્થે છે. મનુષ્યનો હેતુ પૂરો કરી દેવા માટે જ રથ, પેન, ઘર વગેરે અસ્તિત્વ છે. પ્રકૃતિ અને વિકારો સંઘાતરૂપ હોઈ તેથી તેમનાં થી અલગ તત્ત્વ હોવું જોઈએ. અને આ તત્ત્વ એ જ પુરૂષ છે.અવ્યકત પ્રકૃતિ પ્રારંભે તો ત્રણ ગુણની સામ્યાવસ્થામાં જ હોય છે અને તેમાંથી ક્રમશઃ ત્રેવીસ તત્ત્વો પ્રગટે છે. તેને સંઘાત કહીશું. આ પરિણામન કોઈ અન્યના લીધે થયું તે અન્ય એટલે પ્રકૃતિ . પ્રકૃતિની ભિન્ન એવો પુરૂષ એવો પુરૂષ તેમનો ઉપયોગ કરનાર છે. કપિલમુની સાંખ્યસુત્રમાં જણાવે છે કે પ્રકૃતિ નું સર્જન પરાર્થે થયું છે. વિજ્ઞાનભીક્ષુ પણ આ જ વાતનો સ્વીકાર પોતાના ભાષ્યમાં કરે છે. તેથી પુરૂષનું અનુમાન થઈ શકે છે.

(૨) ઈશ્વરકૃષ્ણ સાંખ્યકારીકામાં જણાવે છે કે પ્રકૃતિ અને તેમાંથી પ્રગટતા અન્ય તત્ત્વો એ એકબીજા માટે હોવાનું માની શકાય નહીં. તેનાથી ભીન્ન જે ત્રણ ગુણો સત્વ, રજસ અને તમસ થી પર હોય તેવા તત્ત્વની સંકલ્પના કરવી ઘટે. આ તત્ત્વ પુરૂષ છે. કારણ કે પુરૂષ સત્વ, રજસ અને તમસએ ત્રણ ગુણોથી પર છે. ત્રિગુણાત્ત્મકતાની સાથે આવિર્ભાવ સબંધથી રહેનાર વિવેકીત્વ, વિષયત્વ,સામાન્યત્વ વગેરે ધર્મો પણ પુરૂષમાં ન જ રહે તે સાબિત થઈ જાય છે. આથી પુરૂષનું અસ્તિત્વ માનવું ઘટે.

(૩) ઈશ્વરકૃષ્ણ સાંખ્યકારીકામાં દર્શાવે છે કે અવ્યકતાદિમાં પરિમાણને સમજવા માટે તેનાથી ભીન્ન એવા તત્ત્વની આવશ્યકતા જોઈએ. તે તત્ત્વ માત્ર તેનાથી ભિન્ન હોય એટલુ પર્યાપ્ત નથી. સાથે તેનું નિયમન કરનાર પણ હોવું જોઈએ. ટૂંકમાં જડ વસ્તુનો ચાલક ચેતન જ હોય છે. રથનેચલાવનાર ચૈતન્ય મનુષ્ય છે. સુખાદિયુકત મહત્ વગેરેને આ પ્રમાણે દોરનાર તેનું જે નિયામક તત્ત્વ તે જ ચેતન પુરૂષ છે. તે તેનું અધિષ્ઠાન છે. ઉદાહરણ તરીકે વાહન, યંત્ર વગેરેનો કોઈ અધિષ્ઠાતા હોય જ છે. તે જ પ્રમાણે મહત્ વગેરેના અધિષ્ઠાતા એવો પુરૂષનો પણ સ્વીકાર કરવો રહ્યો. ટૂંકમાં પુરૂષને પ્રકૃતિ ની પ્રવૃત્તિના નિયામક તરીકે માનવો જ રહ્યો.

અહીં કદાચ એવી શંકા ઉત્પન્ન થાય કે પુરૂષ નિર્ગુણ હોય નિષ્ક્રીય છે. તો કેવી રીતે અધિષ્ઠતા બની શકે? તો તેનો ઉકેલ સાંખ્યસૂત્ર પ્રથમ અધ્યાયના ૧૬માં સૂત્રમાં મળી જાય છે. કે પ્રકૃતિ અચેતન છે પણ પુરૂષના સાનિધ્યમાત્રથી તે ચેતનવત બની સર્જનપ્રક્રિયા કરે છે. આમ સાનિધ્ય એને જ પુરૂષનું અધિષ્ઠાતૃત્વ માની શકાય. લોહચું બકના સાન્નિધ્યમાત્રથી જેમ લોખંડમાં ક્રિયા થાય છે. ચુંબક કઈ જ કરતો નથી તેમ અહીં પણ નિષ્ક્રિય પુરૂષથી આ શકય બન્યું છે. એટલે પછી ઈશ્વરની આવશ્યકતા રહેતી નથી.

(૪) ઈશ્વરકૃષ્ણ સાંખ્યકારીકામાં જણાવતા કહે છે કે પુરૂષમાં ભોકતાપણાનો ભાવ છે. આ ત્રિગુણાત્ક અચેતન જગત ભોગ્ય છે. તેથી તેનો કોઈ ભોકતા હોવો આવશ્યક છે તે પળ ેપળ પરિવર્તન પામતા આ જગત અને તેના મૂળ કારણ અવ્યકત પ્રકૃતિનો અનુભવ કરે છે. પ્રકૃતિ અને વિકારો સુખ, દુઃખ,મોહાત્મક છે. આ સમગ્ર જડ જગત ભોગ્ય છે. સુ ખ અને દુઃખનો અનુભવનાર સુખ અને દુઃખથી ભિન્ન સ્વીકારવો જોઈએ. સુખ પોતાને પોતે ભોગવતું નથી. ભોગ્ય પોતે જ પોતાને ભોગવનાર છે. એમ સ્વીકારી શકાય નહી. એટલે પુરૂષનું અસ્તિત્વ જ સ્વીકારાવું જ રહ્યું.

(૫) ઈશ્વરકૃષ્ણ સાંખ્યકારીકામાં જણાવતા કહે છે કે કૈવલ્ય એટલે મુકિત. મુકિત એ મહત્વનો પુરુષાર્થ છે. ઈશ્વરકૃષ્ણ સાંખ્યકારીકાની પ્રથમ કારીકામાં જણાવે છે કે–"ત્રિવિધ દુઃખ વડે ઘવાવાથી તેના નાશ માટેના ઉપાયને જાણવાની ઈચ્છા (જિજ્ઞાસા) થાય છે. " તેથી સંપૂર્ણ મુકિત મેળવવી એ પરમ લક્ષ્ય છે. મુકિત એટલે કે દુઃખત્રયની આત્યન્તિક નિવૃતિ. આ ત્રિવિધ દુઃખમાંથી જે મુકત થવા ઈચ્છતો હોય તે દુઃખસ્વરૂપ પ્રકૃતિ થી અલગ જ હોવાના એટલે કે જે દુઃખ સ્વરૂપ ન હોય એવું કોઈ તત્ત્વ હોવું જ જોઈએ. એ સ્વીકાર્યા વિના ચાલે નહીં. જે પુરૂષ છે. પુરૂષ અસંગત હોવાથી તેને દુઃખ સંભવે નહીં બંધન પણ નહીં તેથી તેને મોક્ષ મેળવવાપણું નથી. તે મુકત છે. આમ પુરૂષનું અસ્તિતવ સ્વીકારવું જ રહ્યું.

આમ સાંખ્યનો પુરૂષ ચેતન, નિષ્ક્રીય, અસંગ મુકત વગેરે ધર્મોવાળો છે. ઉપરોકત સાં ખ્યદર્શનમાં પુરૂષનું અસ્તિત્વની વાત જેને અન્ય દર્શનો આત્મા તરીકે દર્શાવે છે. તેનો ટૂં કમાં પરીચય મેળવ્યો.

REFERENCE ૧. સાંખ્યકારીકા, સંપાદકો (સ્વ.) ડો. જીતેન્દ્ર સુ. જેટલી, ડો. વસંત ગી. પરીખ, અદ્યતન આવૃત્તિ, ૦૨/૦૩, પ્રકાશક : સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના, રતનપોળ, અમદાવાદ. ૨. સાંખ્ય તત્ત્વ કૌમુદી, લે. વાચસ્પતિ મીશ્ર, અનુવાદક : ડો. વસંત પરીખ, પ્રથમ આવૃત્તિ–૧૯૯૫ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગાંધીનગર, ગુજરાત રાજય ૩. ભારતીય દર્શનો,લેખકઃ પ્રો. સી.વી.રાવળ(ષડદર્શનો),પ્રથમ આવૃત્તિ, પ્રકાશક :અનડા ૪. ભારતીય દર્શનો અને પ્રસ્થાનત્રયી, લેખક : જીતેન્દ્ર દેસાઈ, આવૃત્તિ ૨૦૦૪,પ્રકાશકઃ પાર્શ્વ પબ્લિકેશન, ઝવેરીવાડ, રીલીફ રોડ, અમદાવાદ ૫. સાંખ્ય યોગ,લેખક : નગીન જી શાહ, આવૃત્તિ બીજી, ૧૯૯૫,પ્રકાશકઃ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય,અમદાવાદ. ૬. ભારતીય દર્શનો,લેખકઃ વસંત પરીખ, અદ્યતન આવૃત્તિ ૨૦૦૬–૦૭, પ્રકાશકઃ સરસ્વતી પુસ્તક ભંડાર, રતનપોળ, અમદાવાદ.